# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-08-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: TUESDAY** **National News**

## આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

*****************************************************

1) **સંસદે આજે ન્યાયપંચ સુધારણા ખરડો 2026 પસાર કર્યો.**
2) **લોકસભામાં કેરળ નામ પરિવર્તન ખરડો 2026 અને રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ સુધારા ખરડો 2026 પસાર.**
3) **સ્વતંત્રતા દિવસ ગર્વ, સન્માન અને ધામધૂમથી ઉજવવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું દેશવાસીઓને આહ્વાન.**
4) **ભારતે પુનરોચ્ચાર કરતા જણાવ્યું, અરુણાચલ પ્રદેશ ભારતનું અવિભાજ્ય અને અભિન્ન અંગ.**
5) **અમેરિકાની અવકાશ સંસ્થા નાસાએ ઇસરોને તેમના ચંદ્ર બેઝ કાર્યક્રમમાં સામેલ થવા આમંત્રણ આપ્યું.**
6) **કેનેડિયન ઑપન ટેનિસમાં ઇટાલી અને અમેરિકાના ખેલાડી વચ્ચે આજે રાત્રે ક્વાર્ટર ફાઈનલનો મુકાબલો.**

*************************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV RS TRIBUNAL BILL

સંસદે આજે ન્યાયપંચ સુધારણા ખરડો 2026 પસાર કર્યો. રાજ્યસભાએ આજે તેને મંજૂરી આપી. લોકસભાએ પહેલા જ આ ખરડાને પસાર કરી દીધું હતું. કાયદા અને ન્યાય રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલે રજૂ કરેલા આ ખરડાનો ઉદ્દેશ વિવિધ ન્યાયપંચના અધ્યક્ષ અને સભ્યોની યોગ્યતા, નિમણૂક અને તંત્ર તથા કાર્યપ્રણાલિની કાર્યક્ષમતામાં સુધારો કરવા, સ્વતંત્રતા, પારદર્શકતા અને એકરૂપતા સુનિશ્ચિત કરવાનો છે. વિધેયકમાં રાષ્ટ્રીય ન્યાયપંચ આયોગની સ્થાપનાની પણ જોગવાઈ છે.

ખરડા અંગેની ચર્ચામાં જવાબ આપતા શ્રી મેઘવાલે કહ્યું, સરકારે વર્ષ 2015માં ન્યાયપંચોના તર્કસંગતીકરણની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી.

**(BYTE : ARJUNRAM MEGHVAL)**

(*આ વિધેયક વિવિધ ન્યાયાધિકરણોના અધ્યક્ષ અને સદસ્યોની યોગ્યતાઓ, નિયુક્તિઓ, સેવાની શરતો અને નિયમોમાં દક્ષતા, સ્વતંત્રતા, પારદર્શિતા અને એકરૂપતા સુનિશ્ચિત કરવા, ન્યાયાધિકરણોના પ્રશાસન અને કામકાજને બેહતર બનાવવા, એક રાષ્ટ્રીય ન્યાયાધિકરણ આયોગની સ્થાપના કરવા તથા ઉસસે જુડે મામલો કે લિયે, જૈસા કી લોકસભા દ્વારા પારિત કિયા ગયા હૈ, ઇસ વિધેયક પર વિચાર કિયા જાય)*

# LS KERALA BILLS

લોકસભાએ આજે કેરળ નામ પરિવર્તન ખરડો 2026 પસાર કર્યો. આ ખરડા હેઠળ બંધારણની પ્રથમ અનુસૂચિમાં કેરળ રાજ્યનું નામ બદલીને “કેરલમ્” કરવાની જોગવાઈ છે. કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે આ ખરડા અંગે કહ્યું, કેરળ વિધાનસભાએ 2024માં એક પ્રસ્તાવ પસાર કરીને કેન્દ્ર સરકારને રાજ્યનું નામ કેરળથી બદલીને કેરલમ્ કરવા અનુરોધ કર્યો હતો.

(BYTE: NITYANAND RAI, MINISTER OF STATE HOME AFFAIRS)

*(કેરળ વિધાનસભા કે **14** જૂન **2024** કો અપને **11**મે સત્ર કે દોરાન સંકલ્પ પારિત કિયા થા તથા કેન્દ્ર સે અપીલ કી થી કી વ સંવિધાન કે અનુચ્છેદ **3** કે અનુસાર કેરળ રાજ્ય કે નામ કો કેરલમ સંબોધિત કરને કે લિયે તત્કાલ ઓર કેરળ નામ પરિવર્તન વિધેયક **2026** કો ભારત કે સંવિધાન કે અનુચ્છેદ **3** કે પ્રાવધાન કે તહત કેરળ રાજવિધાન મંડળ કો ભેજને હેતુ રાષ્ટ્રપતિ જી કો પ્રસ્તુત કરને કે લિયે કેન્દ્ર સરકાર કે પ્રસ્તાવ કો મંજૂરી દી હૈ)*

લોકસભાએ રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ સુધારા ખરડો 2026 પણ પસાર કર્યો. સહકાર રાજ્યમંત્રી મુરલીધર મોહોલે રજૂ કરેલા ખરડાનો ઉદ્દેશ રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ અધિનિયમ 1962માં વધુ સુધારો કરવાનો છે. આ ખરડો નિગમને ઔદ્યોગિક વસ્તુઓના ક્ષેત્રમાં પોતાની પ્રવૃત્તિઓનું સંચાલન કરવાની મંજૂરી આપે છે.

આ ખરડો રાજ્ય સરકારોને સહકારી વિકાસમાં જોડાયેલી કોઈ પણ સંસ્થાને નિગમથી ભંડોળ પૂરું પાડવાની મંજૂરી આપે છે. નિગમ કોઈ પણ સહકારી સમિતિ કે સહકારી વિકાસમાં જોડાયેલી સંસ્થાને સીધા દેવા અને અનુદાન પણ આપી શકે છે.

# RIJIJU OPPOSITION

સંસદીય બાબતોના કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂએ કૉંગ્રેસ અને વિરોધ પક્ષના દળો પર વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન પર ચર્ચાથી ભાગવાનો આક્ષેપ લગાવ્યો. તેમણે કહ્યું, સરકાર આ મુદ્દા પર વિસ્તૃત ચર્ચા માટે તૈયાર છે. સંસદ પરિસરમાં પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી રિજિજૂએ કહ્યું, સરકારે ગઈકાલે વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન સંબંધિત દરેક મુદ્દા પર વિસ્તૃત ચર્ચાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

## (BYTE: KIREN RIJIJU)

*(રાહુલ ગાંધીજી કઈ દિનો સે ગૃહમંત્રી અમિત શાહ કા જવાબ માંગ રહે હૈ. સદન મે અબ જબ સરકાર તૈયાર હૈ, ગૃહમંત્રી જી પૂરે ઘટનાઓ કા બહુત ડીટેલ મે જવાબ દેને કે લિયે તૈયાર હૈ, ફિર રાહુલ ગાંધીજી ભાગ રહે હૈ. મેને ઇસસે સદન મે કહા કી ભાગના નહીં હૈ)*

# PM INDEPENDENCE DAY

## (HAR GHAR TIRANGA ANTHEM) (OPENING)

દેશના 80-મા સ્વતંત્રતા દિવસની ઉજવણી પહેલા દેશભરમાં ચાલી રહેલું હરઘર તિરંગા અભિયાન વેગ પકડી રહ્યું છે. ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને સ્વતંત્રતા દિવસને ગર્વ, સન્માન અને ધામધૂમથી ઉજવવા આહ્વાન કર્યું. સોશિયલ મીડિયા પર એક વીડિયો જાહેર કરતા શ્રી મોદીએ દરેક નાગરિકોને “હરઘર તિરંગા” અભિયાન અંતર્ગત પોતાના ઘર પર ત્રિરંગો લહેરાવવા આહ્વાન કર્યું.

## (BYTE: PM MODI)

*(આઇએ , **15** આગસ્ટ કો શાન-બાન-શાન સે મનાઈએ, સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ દે, વિકસિત ભારત કા સંકલ્પ લે. હર ઘર તિરંગા, ઘર ઘર તિરંગા, હર મન તિરંગા. આઈએ, હર ઘર પર તિરંગા લહેરાઈએ. ભારત માતા કી જય, વંદે માતરમ્, વંદે માતરમ્, વંદે માતરમ્!)*

## (HAR GHAR TIRANGA ANTHEM) (CLOSING)

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# REV MEA

ભારતે પુનરોચ્ચાર કરતા જણાવ્યું કે, અરુણાચલ પ્રદેશ ભારતનું અવિભાજ્ય અને અભિન્ન અંગ છે અને તે નિર્વિવાદ વાસ્તવિકતાને કોઈ નહીં બદલી શકે. નવી દિલ્હીમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે પત્રકાર પરિષદને સંબોધતા કહ્યું, ભારત અને ચીન વચ્ચે સરહદી વિસ્તાર સંબંધિત મામલે ભારતે ચીન સાથે ચર્ચામાં હંમેશા એ વાત પર ભાર આપ્યો કે, તેઓ આ મુદ્દાઓને અત્યંત ગંભીર માને છે. તેમણે કહ્યું, આ ક્ષેત્રોમાં શાંતિ અને સ્થિરતા જાળવી રાખવી દેશ માટે ઘણું મહત્વનું છે.

## (BYTE: RANDHIR JAISHWAL)

(*ભારત અને ચીન કે બીચ સીમાવર્તી ક્ષેત્રો સે જુડે મામલો મે હમને હંમેશા ચીન કે સાથ ચર્ચાઓ મે યહ બાત પર જોર દિયા હૈ કી હમ ઇન મુદ્દો કો બેહદ ગંભીર માનતે હૈ, દ્વિપક્ષીય સંબંધો કે સમગ્ર વિકાસ કે લિયે સીમાવર્તી ક્ષેત્રો મે શાંતિ ઔર સ્થિરતા બનાયા રખના બહુત આવશ્યક હૈ। લાઇન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ પર ગલતફહેમી ઔર ગલત આંકલન સે બચને ઔર બાકી બચે હુએ મુદ્દો કો સુલઝાને કે લિયે સ્થાનિય કમાન્ડર સ્તર કી બેઠકે ઔર અન્ય તંત્રો સહિત મોજૂદા કૂટનીતિક માધ્યમો કા ઉપયોગ જારી રખા જાયેગા।)*

# REV INDIA US SPACE

અમેરિકાની અવકાશ સંસ્થા નાસાએ ભારતીય અવકાશ સંશોધન સંગઠન – ઇસરોને પોતાના ચંદ્ર બેઝ કાર્યક્રમમાં સામેલ થવા આમંત્રણ આપ્યું. આ આમંત્રણ આર્ટેમિસ કરાર હેઠળ બંને દેશની ભાગીદારીને વધુ મજબૂત કરે છે. ભારત અને અમેરિકાએ કરાર હેઠળ મુક્ત વૈજ્ઞાનિક ડેટાને એકબીજાને આપવા પર સહકાર માટે ચર્ચાને આગળ વધારવા પણ સંમતિ દર્શાવી.

ભારત-અમેરિકા નાગરિક અવકાશ સંયુક્ત કાર્યસમૂહની નવ-મી બેઠક પાંચ અને છ ઑગસ્ટે બેંગ્લુરુ સ્થિત ઇસરોના મુખ્યમથક ખાતે યોજાઈ હતી. ઇસરોના અધ્યક્ષ ડૉક્ટર વિ. નારાયણન અને ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે ઉદ્ઘાટન સત્રને સંબોધિત કર્યું હતું. આ બેઠકથી ભારત અને અમેરિકાની પહેલ ટ્રસ્ટ હેઠળ નાગરિક અને વાણિજ્યિક અવકાશ સહકારને પ્રોત્સાહન મળ્યું હોવાનું વિદેશ મંત્રાલય દ્વારા જણાવાયું.

# CANADIAN OPEN TENNIS

કેનેડિયન ઑપન ટેનિસમાં ઇટાલીના 19-મા ક્રમાંકિત લુસિયાનો ડાર્ડેરી આજે રાત્રે અમેરિકાના 28-મા ક્રમાંકિત બ્રાન્ડૉન નાકા-શિમા સામે રમશે. મેન્સ સિંગલ્સની ક્વાર્ટર ફાઈનલમાં આ બંને ખેલાડી વચ્ચે મુકાબલો થશે. જ્યારે સ્પેનના 20-મા ક્રમાંકિત રાફેલ જોડાર મોડી રાત્રે ફ્રાન્સના 18-મા ક્રમાંકિત આર્થર ફિલ્સ સામે ટકરાશે.

તો મહિલા સિંગલ્સમાં ભૂતપૂર્વ વિશ્વનાં પહેલાં ક્રમાંકનાં ઇગા સ્વિ-યાટેક ગુરુવારે સેમિફાઈનલમાં યુક્રેનનાં નવ-મા ક્રમાંકિત ઍલિના સ્વિ-ટોલિના સામે ટકરાશે.